સરકારી વાણિજ્ય કોલેજ,

સેક્ટર-૧૫, ગાંધીનગર

સાંસ્કૃતિક પ્રવૃત્તિ અહેવાલ,વર્ષ 2019-2020

સરકારી વાણિજ્ય કોલેજમાં વિધાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુસર અભ્યાસની સાથે સાથે વિવિધ ઇત્તર પ્રવૃત્તિઓનું આયોજન અત્રેની સંસ્થામાં અવાર-નવાર કરવામાં આવે છે.જેવી કે ગીત - સંગીત ,મહેંદી ,રંગોળી ,કાર્ટુનીંગ , ચિત્ર ,વકૃત્વ ,નિબંધ , ડાન્સ (ઓડિશન),ડિબેટ ,કોલાઝ ,ક્લે મોડલિંગ ,પોસ્ટર મેકિંગ જેવી વિવિધ સ્પર્ધાઓની આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

ઉપરોક્ત તમામ સ્પર્ધાઓનું આયોજન તા 9/8/2019થી 19/08/2019 સુધીમાં કરવામાં આવ્યું હતું

તા. 09/08/2019 ના રોજ અત્રેની કોલેજમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્પર્ધકોએ નિયમાનુસાર ૨ X ૨ ચોરસમાં ચિરોડી, ફુલ, રંગીન ચોખા, અનાજ, કલર વગેરે વાપરીને કલા કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ હિરલ, દ્વિતીય ક્રમે પ્રજાપતિ શિવાની તથા તૃતીય ક્રમે આયુષી પાનવાર વિજેતા જાહેર કર્યા હતા.



તા. 10/08/2019 ના રોજ અત્રેની કોલેજમાં ગીત –સંગીત ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિધાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ઠાકોર કરણજી, દ્વિતીય ક્રમે સીરેશીયા કૌશલ્યા અને અર્જુન ગઢવી તથા તૃતીય ક્રમે શ્રીમાળી હાર્દિક અને આનંદ નિર્મલ વિજેતા રહ્યા હતા.

તા. 13/08/2019 ના રોજ અત્રેની કોલેજમાં વકૃત્વ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા અને ડિબેટ સ્પર્ધા નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં યોજેલ વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જાદવ હિરલ,, દ્વિતીય ક્રમે ધાધરેટીયા નિલેશ તથા તૃતીય ક્રમે શેરસીયા કાસિમ વિજેતા રહ્યા હતા.

તા. 13/08/2019 ના રોજ આયોજીત ક્વિઝ સ્પર્ધામાં વાઘેલા તનવીરસિંહ પ્રથમ ક્રમે, પટેલ સત્યમ દ્વિતીય ક્રમે તથા તૃતીય ક્રમે સોલંકી રોનક વિજેતા રહ્યા હતા.

તા. 13/08/2019 ના રોજ અત્રેની કોલેજમાં યોજેલ ડીબેટ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં જાદવ હિરલ પ્રથમ ક્રમે , ધાધરેટીયા નિલેશ બીજા ક્રમે તથા સોલંકી અમીના ત્રીજા ક્રમે વિજેતા રહ્યા હતા.

તા. 14/08/2019 ના રોજ કોલેજમાં પેઇન્ટીંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.જેમાં પ્રથમ ક્રમે ગોસ્વામી રિતિક, દ્વિતીય ક્રમે દવે ભાર્ગવી તથા તૃતીય ક્રમે પટેલ નિખિલ વિજેતા રહ્યા હતા

તા. 14/08/2019 ના રોજ કોલેજમાં પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ગોસ્વામી રિતિક, દવે ભાર્ગવી તથા પટેલ નિખિલ ને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા.



તા. 14/08/2019 ના રોજ કોલેજમાં કાર્ટુનીંગ સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની આગવી સુઝ દ્વારા આપેલ વિષયને સુસંગત કાર્ટુન દોર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ગોસ્વામી રિતિક,બીજા ક્રમે પટેલ નિખિલ તથા ત્રીજા ક્રમે દંતાની પ્રકાશ વિજેતા રહ્યા હતા.

તા. 16/08/2019 ના રોજ આયોજીત કોલેજમા મહેંદી સ્પર્ધાનુ આયોજન કરેલ. જેમા કોલેજ ના વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી સિપાઇ પઠાણ માહીનુર પ્રથમ ક્રમે , પટેલ હિરલ બીજા ક્રમે તથા પ્રજાપતી હેતલ ત્રીજા ક્રમે વિજેતા રહ્યા હતા.

તા. 16/08/2019 ના રોજ અત્રેની કોલેજ મા યોજેલ પ્લેયિંગ ઇંસ્ટ્રુમેંટ સ્પર્ધામા ભાગ લીધેલ વિધાર્થીઓ માથી ઠાકોર સંજય વિજેતા રહ્યા હતા.

તા. 16/08/2018 ના રોજ કોલેજમાં ડાંસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મિત્તલબા ઝાલા અને ગ્રુપ, દ્વે કૃપા તથા પાયેલા અજય ને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા.

તા. 19/08/2019 ના રોજ આયોજીત નિબંધ સ્પર્ધામા અત્રેની કોલેજ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાંથી કોમલ કુમારી પ્રથમ ક્રમે, હરેશ રાવલ બીજા ક્રમે અને આયુષી પનવાર તથા સરવૈયા મનદીપ ત્રીજા ક્રમે વિજેતા રહ્યા હતા

તા 5મી સપ્ટેમ્બર 2019 ના રોજ શિક્ષક દિનની ઉજવણી ના ભાગ રૂપે વિધાર્થીઓએ કોલેજ માં સમગ્ર વર્ગોમાં ત્રણ તાસ સુધી શેક્ષણિક કાર્ય કર્યું ભાગ લેનાર તમામ વિધાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઇનામ આપવામાં આવ્યુ હતુ.

તા 02/10/2019 ના રોજ મહાત્મા ગાંધીની જન્મ જ્યંતિની ઉજવણીના ભાગ રૂપે કોલેજ માં સવારે પ્રભાત ફેરી, સર્વધર્મ પ્રાર્થના તેમજ ગાંધીજીના પ્રિય ભજનોનું ગાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારબાદ ગાંધીજીના જીવન આધારિત ઓનલાઇન ક્વિઝ માં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સરકારી વાણિજય કોલેજ ,

તા 10/01/2020 ના રોજ આયોજિત યુવા દિન માં સ્વામી વિવેકાનંદનું વ્યક્તિત્વ વિષય પર આયોજિત વકૃત્વ સ્પર્ધામાં અત્રેની કોલેજના 7 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

તા 17/01/2020 ના રોજ આયોજિત મોનો એક્ટિંગ અને લોક ગીત સ્પર્ધા માં અત્રેની કોલેજના અનુક્રમે 3 અને 4 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સુભાષ ચંદ્ર બોઝની વર્ષગાંઠની ઉજવણી ના ભાગ રૂપે ક્વિઝનું તા 23/01/2020 ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજ ના 76 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગુજરાત સરકાર દ્વારા કલા મહાકુંભનું તા. 21/01/2020 ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અત્રેની કોલેજના વિદ્યાર્થીઓએ વકૃત્વ, ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ, મોનો એકટિંગ અને લોકગીતમાં કુલ 5 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. 17/02/2020 ના રોજ અત્રેની કોલેજના વિધાર્થી બારોટ વૈભવદાન ઇશવર્ધનએ કલા મહાકુંભ અંતર્ગત દોહા છંદ ચોપાઇ માં ડિસ્ટ્રિકટ તેમજ તા. 18/02/2020 ના રોજ રાજ્ય કક્ષા એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું